8. The Finding And In The Case Of Conviction A Brief Statement Of The Reasons Therefore:

ફરીયાદપક્ષના કેસની હકિકત ધ્યાનમાં લેતા ફરીયાદ પક્ષનો એવો કેસ છે કે, આરોપીએ જાહેરમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના કબજામાં વગર પાસ પરમીટનો પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારુની બોટલ નંગ – ૫૫૨ મળી કુલ રૂા. ૭૧,૦૪૦/– નો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે વેચાણ સારુ રાખી મળી આવી પ્રોહીબીશન એકટ કલમ : ૬૫ (એ) (ઈ), ૬૬ (૧)(બી), ૧૧૬(સી),૮૧,૯૮, ૯૯ અન્વયેનો ગુન્હો કરેલ છે. સબબ ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ દાખલ થતા આરોપીઓ વિરૂઘ્ધ પ્રથમદર્શનીય રીતે સબબ ગુન્હો કર્યાની હકિકત પ્રાથમિક દ્રષ્ટિએ ફલિત થતા સબબ ગુન્હા સબબ કોગ્નીઝન્સ લઈ તહોમતદારો વિરૂઘ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. સબબ કામે તહોમતદારોને સમન્સ બજતા તહોમતદારો વકીલશ્રી સાથે હાજર થતા તહોમતદારોને નકલ મળી ગયેલ હોવાની ખાતરી થતા તથા તહોમતદારો તરફે પુરસીસ રજુ રાખી પ્લી રેકર્ડ કરવામાં આવે તથા પુરાવો નોંધવામાં આવે તો તકરાર નથી મુજબની હકિકત જાહેર કરેલ હોય તે જ દિવસે તહોમતદારની પ્લી રેકર્ડ કરવામાં આવતા તહોમતદારો આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગતા હોય સબબ કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ. સદર કામની ટ્રાયલ સમરી કાર્યવાહી અનુસાર હોય તેમજ તહોમતદારો વિરૂઘ્ધ વગર પાસ પરમીટે પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારૂ વેચાણ સારુ પોતાના કબજામાં રાખવાનો કેસ હોય પ્રથમ રીકવરી પંચનામાના પંચોને તપાસવામાં આવેલ છે કે જેઓ રુબરુ તહોમતદારના કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારુ કબજે કરી આરોપીનું નામઠામ પુછી વિગતવારનું પંચનામુ કરેલાનો ફરીયાદપક્ષનો કેસ છે. સદર કામે તપાસવામાં આવેલ રીકવરી પંચનામાનાં પંચો પોતાની કોર્ટ રુબરુની સોગંદ પરની જુબાનીમાં માત્ર પોતે પંચનામામાં સહી કરેલ હોવાની હકિકત કબુલ રાખેલ છે તે સિવાયની પંચનામુ કરવામાં સાથે ગયેલ હોવાની કે પોતાના રુબરુ તહોમતદારોના કબજામાંથી દારુ મળી આવતા પરમીટ માંગતા તહોમતદારએ નહી હોવાની હકિકત જણાવેલ હોવાની તથા આરોપીઓએ પોતાનું નામઠામ જણાવેલ હોવાની વિગેરે હકિકતનો ઈન્કાર કરેલ છે. તે સંજોગોમાં રીકવરી પંચનામાને રેકર્ડે દાખલ કરવામાં આવેલ છે. સદર કામે તપાસેલ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસની હકિકતને સમર્થન ન આપી માત્ર પોતાની સહી પુરતી હકિકત કબુલ રાખતા હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલ પુછવાની પરવાનગી મેળવી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલ પુછવા છતા તહોમતદારોને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ જ હકિકત રેકર્ડે આવેલ નથી. વધુમા સદર કામે ફરીયાદી, સાહેદો તથા તપાસ કરનાર અમલદારની આંક–૧૨, ૧૬, ૧૭ તથા ૨૦ થી જુબાની નોધવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદને સમર્થન કરતા જુબાની આપેલ છે પરંતુ તેમની ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ એ બનાવવાળો વિસ્તાર ભરચક અવર જવર વાળો વિસ્તાર હોવાનુ કબુલેલ છે. આમ સદર કામે બનાવવાળો વિસ્તાર ભરચક વિસ્તાર હોવા છતા આ કામે તપાસ કરનાર અમલદારના એ કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોધેલ નથી.

વધુમા સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદો કે જેઓ રુબરુ આરોપીઓના કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારૂ મળી આવેલ હોવાનો તેમજ પંચોને સુંઘાડી જોતા તેમાંથી પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારુની શીલબંધ હાલતમાં મળી આવેલ હોવાની હકિકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે તેઓ પોતાની રુબરુ સદર પંચનામુ થયેલ હોવાની હકિકતનો ઈન્કાર કરેલ છે. તેજ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતા તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે, જેઓ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર સાથે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ હોવાની હકિકત ફલિત થાય છે જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ તહોમતદારોના કબજામાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતા ગુન્હાવાળી જાહેર જગ્યાએ સામાન્ય માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવીક જણાય છે તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ જ વ્યાજબી કારણ રેકર્ડે ફલિત થતુ નથી. તેમજ આરોપીઓ વિરૂઘ્ધ ગેરકાયદેસર દારુ રાખવાનો કેસ હોવા છતા પંચોના પુરાવો જોતા તપાસ કરનાર અમલદાર તહોમતદારોના કબજામાંથી મળી આવેલ પ્રવાહી પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારુ જ હોવાની હકિકતની પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગોમાં રેકર્ડે ફરીયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકિકત પણ શંકાસ્પદ જણાય છે. સદર કામે રેકર્ડે ઉપરોકત તમામ હકિકત હોય આ તબકકે નામદાર વડી અદાલત ધ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત સિંઘ્ધાત ધ્યાને લેવો ઘટે છે કે, જયારે રેકર્ડ પરની હકિકત મુજબ જયારે ચાર્જશીટ પરના પુરાવાના સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા કોર્ટના કિંમતી સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકિકતે અન્ય સાહેદોને ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ નથી. આમ,

જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ તહોમતદારોના કબજામાંથી વગર પાસપરમીટનો અને ગેરકાયદેસર પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારુ વેચાણ સારુ રાખી મળી આવ્યાનો કેસ હોય, તેમજ રીકવરી પંચનામાના પંચો પોતાની રુબરુ પંચનામુ થયેલ હોવાની હકિકતનો ઈન્કાર કરતા હોય તેમજ ફરીયાદની ખરેખર તટસ્થ અને ચોકકસ તપાસ થયેલ હોવાની હકિકત શંકાસ્પદ હોય ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપીઓ ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતા હોવાનું હું ઠરાવુ છુ.

9. Sentence of Final Order :-

1) આ કામના તહોમતદારોને સંબધિત પોલીસ સ્ટેશનના પ્રોહીબીશન ગુન્હાના કામે પ્રોહીબીશન એકટની કલમ : ૬૬ (૧)(બી) ૬૫ એ.ઈ, ૧૧૬(સી),૮૧,૯૮,૯૯ મુજબના તહોમત સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.ર થી ૫ પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારુ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ મોબાઈલ તથા ૭ ઈકો ગાડી નંબર – જી.જે.૦૫.જે.એમ.૫૭૮૪ લગત તા.ર૯–૦ર–ર૦૧૭ ના રોજનો વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડના નવા સુધારા મુજબ કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ સમય સુધીના છ માસના રૂા.૧૦૦૦/– ના જામીન રજુ કરવા. મુદ્દામાલ હુકમ સંબધે સંબધિત પોલીસ સ્ટેશન ખાતે યાદી કરવી.

10. Sentence Date on which the Proceeding terminated:

Dt. 04 / 08 /2017

(Manan Sudhirbhai Soni)
15th Additional Judicial Magistrate
First Class, Surat. CodeNo. GJ01262